Extra No. 256

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **SATURDAY, JULY 12, 2025 / ASADHA 21, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

- કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વિભાગ, રાજપીપળા (નર્મદા)ના પત્ર ક્રમાંક: જિપંન/૫વ/પીબી-૧/વશી/૯૮૦-૮૨/૨૦૨૫, તા.૧૦/૦૭/૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૮૮૧૩ થી ૮૮૪૮ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વિભાગ, રાજપીપળા(નર્મદા) દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ દેડીયાપાડા તાલુકાના બોરીપીઠા વાઢવા રોડ કુલ લંબાઈ ૮.૦૦ કિ.મી. વી.આર. પ્લાન કક્ષાનો રસ્તો છે. આ રસ્તા પર બાબદા ગામ પાસે ચેઈનેજ ૩/૪૦૦ થી ૩/૬૦૦ વચ્ચે આવેલ પુલ ભારે વાહનો માટે ભયજનક હોય, કોઈ જાનહાનિ ન થાય તે હેતુથી સદર પુલ ભારે વાહનો માટે તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ દેડીયાપાડા તાલુકાના બોરીપીઠા વાઢવા રસ્તાના ચેઈનેજ ૩/૪૦૦ થી ૩/૬૦૦ વચ્ચે આવેલ પુલ ભારે વાહનો માટે ભયજનક હોય, કોઈ જાનહાનિ ન થાય તે હેતુથી સદરહુ પુલ ભારે વાહનો માટે તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી બંધ કરી, ભારે વાહનો માટે નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- સદરહુ પુલ પરથી પસાર થતાં ભારે વાહનો વાઢવા મોસ્કુટ થઈને ઉમરવાણ ઝાંક બોરીપીઠા તરફ જઈ શકશે.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા. ૧૧/૦૭/૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

// વંચાણે લીધું //

- કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૨૭૮૦/૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૮૮૫૩ થી ૮૮૮૮ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ તેઓના વિભાગ હસ્તકના કેવડીયા તણખલા રોડ કિ.મી. ૧૦/૬ થી ૨૧/૬ ના તમામ સ્ટ્રકચરોની વર્ષ ૧૯૬૨-૬૩ માં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હતી. સદરહુ સ્ટ્રકચરોનું ઈન્સ્પેક્શન કરતાં પ્રાથમિક તપાસ દરમિયાન પુઅર કન્ડીશનમાં જણાયેલ છે. જે ધ્યાને લઈ ભારે વાહનો (૧૦ મે.ટનથી વધુ વજનના ટ્રક, મલ્ટી એક્સલ તથા હેવી કોમર્શિયલ વાહનો) માટે ટ્રાફિક બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ કેવડીયા - તણખલા રોડ કિ.મી. ૧૦/૬ થી ૨૧/૬ ભારે વાહનો (૧૦ મે.ટનથી વધુ વજનના ટ્રક, મલ્ટી એક્સલ તથા હેવી કોમર્શિયલ વાહનો) માટે બંધ કરી, ભારે વાહનો નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- કેવડીયાથી તણખલા જતાં ભારે વાહનોએ કેવડીયા-ગરૂડેશ્વર-અકતેશ્વર-દેવલીયા-નસવાડી-તણખલા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

- તણખલાથી કેવડીયા જતાં ભારે વાહનોએ તણખલા-નસવાડી-દેવલીયા-અકતેશ્વર-ગરૂડેશ્વર-કેવડીયા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની

કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા. ૧૧/૦૭/૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

// વંચાણે લીધું //

- કાર્યપાલક ઈજનેશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૨૭૮૩/સને ૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક: એમએજી//વશી/ ૮૮૮૯ થી ૮૯૨૪/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ ખૂપર બરસણ ગોપાલીયા રોડ (કિ.મી. ૦૦ થી ૧૩/૩૦૦)એ ખુપર(બરસણ) ગામે સ્ટેટ હાઈવે નં.-૬૫ થી ઝાંખ ગામને ઝોડતો મુખ્ય માર્ગ છે. જેના કિ.મી. ૬/૬૦૦ થી ૬/૭૦૦ વચ્ચે ઉમરાણ ગામ નજીક આવેલ મોટી કોતર પસાર કરવા બનાવેલ જૂનો રબલ મેશનરી વાળો ૬-મીટરના ૪-ગાળાવાળો નબળો માઈનોર બ્રીજ આવેલ છે. આ પુલ જુનો હોય અને ભારદારી વાહનોની વજન મર્યાદા બદલાયેલ હોય, તદ્ઉપરાંત વાહનોની ફીકવન્સીને કારણે આ પુલ ઉપરથી ભારદારી વાહનોનું પસાર થવું જોખમભર્યું હોવાથી અણધારી દુર્ઘટના નિવારવાની તકેદારી અને સલામતિના ભાગરૂપેના પગલાં તરીકે આ પુલ ઉપરથી ૧૫ ટનથી વધારેના ભારદારી મોટા વાહનોની અવરજવર અંગે પુલના બંને તરફ ચેતવણીદર્શક પાટીયાં મુકી ભારે વાહનો માટે આ જુના પુલને વપરાશ મર્યાદિત કરી નિયંત્રિત કરેલ છે. જેના પરથી હાલ મોટા ભારવાહક વાહનો માટે વાહનવ્યવહાર બંધ કરી ઉમરાણ ગામેથી ઝાંખ ગામે જવા માટેના ભારદારી મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના ભારવાહક હેવી લોડેડ વીહીકલ્સ (મોટા ટેમ્પો, મોટા ટ્રક, મલ્ટી એક્સેલ લોડેલ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે)ના વાહનવ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ ખૂપર બરસણ ગોપાલીયા રોડ (કિ.મી. ૦૦ થી ૧૩/૩૦૦)ને ભારદારી મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના ભારવાહક હેવી લોડેડ વીહીકલ્સ (મોટા ટેમ્પો, મોટા ટ્રક, મલ્ટી એકસેલ લોડેલ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે) માટે બંધ કરી, સદરહુ વાહનો નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- ઉમરાણ ગામથી મોસ્કૂટ-ગોપાલીયા-ખૂપર(બરસણ)-રેલ્વા-ભરાડા-ચીકદા-દેડીયાપાડા-નિવાલ્દા-નીંગટ-ઝરણાવાડી-ચૂલી-નવાગામ-બોરીપીઠા-ખેડીપાડા ગામે થઈ ઝાંખ તરફ જઈ શકાશે.

- ઝાંખ ગામેથી ખેડીપાડા-બોરીપીઠા-નવાગામ-ચૂલી-ઝરણાવાડી-નીંગટ-નિવાલ્દા-દેડીયાપાડા-ચીકદા-ભરાડા-રેલ્વા-ખૂપર(બરસણ)-ગોપાલીયા-મોસ્કૂટ ગામે થઈ ઉમરાણ તરફ જઈ શકાશે.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા. ૧૧/૦૭/૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

// **વંચાણે લીધું** //

- કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૨૭૮૪/સને ૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૮૯૨૫ થી ૮૯૬૦ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ દેડીયાપાડા માલ સામોટ રોડ (કિ.મી. ૦/૦ થી ૩૭/૦૦)એ દેડીયાપાડા મુખ્ય મથકેથી માલ સામોટ ગામોને જોડતો રાજ્ય ધોરીમાર્ગ છે. જેના કિ.મી. ૩૨૦૦ થી ૩/૪૦૦ વચ્ચે બેસણા ગામ નજીક તથા કિ.મી. ૧૬/૮૦૦ થી ૧૬/૯૦૦ વચ્ચે જુના મોઝદા ગામ નજીક જુના અને જર્જરિત મેજર બ્રીજ આવેલ છે તેમજ કિ.મી. ૯/૬૦૦ થી ૯/૮૦૦ વચ્ચે મોટી સીંગલોટી ગામ નજીક તથા કિ.મી. ૨૯/૪૦૦ થી ૨૯/૬૦૦ વચ્ચે કેલડા નજીક જુના અને જર્જરિત માઈનોર બ્રીજ આવેલ છે. આમ આ રસ્તા પર કુલ ચાર નબળા પુલો આવેલા છે અને ભારદરી વાહનોની વજન મર્યાદા બદલાયેલ હોય, તદ્ઉપરાંત વાહનોની ફીકવન્સીને કારણે આ પુલો ઉપરથી ભારદારી વાહનોનું પસાર થવું જોખમભર્યું હોવાથી અણધારી દુર્ઘટના નિવારવાની તકેદારી અને સલામતિના ભાગરૂપેના પગલાં તરીકે આ પુલ ઉપરથી ૧૫ ટનથી વધારેના ભારદારી મોટા વાહનોની અવરજવર અંગે પુલોના બંને તરફ ચેતવણીદર્શક પાટીયાં મુકી ભારે વાહનો માટે આ જુના પુલોને વપરાશ મર્યાદિત કરી નિયંત્રિત કરેલ છે. જેના પરથી હાલ મોટા ભારવાહક વાહનોના વાહનવ્યવહારને સદંતર બંધ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ દેડીયાપાડા માલ સામોટ રોડ (કિ.મી. ૦/૦ થી ૩૭/૦૦)ના (૧) કિ.મી. ૩૨૦૦ થી ૩/૪૦૦ વચ્ચે બેસણા ગામ નજીક આવેલ બ્રીજ, (૨) કિ.મી. ૧૬/૮૦૦ થી ૧૬/૯૦૦ વચ્ચે જુના મોઝદા ગામ નજીક આવેલ જુનો બ્રીજ, (૩) કિ.મી. ૯/૬૦૦ થી ૯/૮૦૦ વચ્ચે મોટી સીંગલોટી ગામ નજીક આવેલ બ્રીજ તથા (૪) કિ.મી. ૨૯/૪૦૦ થી ૨૯/૬૦૦ વચ્ચે કેલડા નજીક આવેલ જુનો માઈનોર બ્રીજ ભારે વાહનો માટે સદંતર બંધ કરવા આથી ફરમાવું છું.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા. ૧૧/૦૭/૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

જાહેરનામું

// વંચાણે લીધું //

- કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૨૭૮૫/સને ૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૮૯૬૧ થી ૮૯૯૬ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ તેઓના વિભાગ હસ્તક આવેલ રાજપીપળા - અંકલેશ્વર રોડ (રાજ્ય ધોરીમાર્ગ)ની સાંકળ ૬૧/૬૦૦ થી ૬૨/૨૦૦ વચ્ચે કરજણ નદી પર મેજર બ્રીજ આવેલ છે. જેનું બાંધકામ વર્ષ-૧૯૫૬ માં શરૂ કરવામાં આવેલ હતું. સદર બ્રીજના બાંધકામને આશરે ૬૭ વર્ષ જેટલો સમય થવા પામેલ છે. સદર બ્રીજના બેલેન્સ્ડ કેટીલીવરનું સુપરસ્ટ્રક્ચર આવેલ છે. સદર બ્રીજ ખૂબ જ જુનો હોય તથા ભારે વાહનોના અવરજવરથી કંપનના કારણે સદર બ્રીજ Poor કેટેગરીમાં રાખેલ. બ્રીજના બાંધકામને આશરે ૬૭ વર્ષ થયા છે જેની સમયમર્યાદા પણ પૂર્ણ થયેલ હોય, જેથી કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય તે માટે બ્રીજ પર વાહનોની અવરજવર સદંતર બંધ કરવી યોગ્ય જણાય છે. સદર બ્રીજનું ડીટેઈલ સ્ટ્રક્ચર ઈન્સ્પેક્શન કરી બ્રીજની સ્ટ્રેન્થની ચકાસણી કરવાની થાય છે. જે ઈન્સ્પેક્શન રીપોર્ટ મળ્યા બાદ તેનું એનાલીસીસ કરી બ્રીજ ચાલુ રાખવો કે કેમ તેનો નિર્ણય લઈ શકાય. જેથી હાલ સાવચેતીના ભાગરૂપે સદર બ્રીજ પર અવરજવર માટે પ્રતિબંધ લગાડવા તથા સદરહુ ટ્રાફિક બાજુના નવા બ્રીજ પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ રાજપીપળા - અંકલેશ્વર રોડ (રાજ્ય ધોરીમાર્ગ)ની સાંકળ ૬૧/૬૦૦ થી ૬૨/૨૦૦ વચ્ચે કરજણ નદી પર આવેલ જુનો મેજર બ્રીજ અવરજવર માટે બંધ કરી, સદરહુ જુના બ્રીજ પરનો વાહનવ્યવહાર બાજુના નવા બ્રીજ પર ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા. ૧૧/૦૭/૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

જાહેરનામું

// વંચાણે લીધું //

- કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૨૭૮૬/સને ૨૦૨૫, તા. ૧૧/૦૭/૨૦૨૫

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૮૯૯૭ થી ૯૦૩૨ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ તેઓના વિભાગ હસ્તક આવેલ રાજપીપળા-સિસોદ્રા રોડ (રાજ્ય ધોરીમાર્ગ)ની કુલ-૧૪ કિ.મી. લંબાઈ ધરાવતા ડામર સપાટીવાળા રસ્તાની હયાત પહોળાઈ ૭.૦૦ મીટર છે. ડામર સપાટીની ૭.૦૦ મીટર પહોળાઈ ધરાવતા આ રસ્તાની સાંકળ ૪/૭૦૦ થી

૪/૮૦૦ વચ્ચે નાગુવા નદી પર માઈનોર બ્રીજ આવેલ છે. જેનું બાંધકામ વર્ષ ૧૯૬૨-૬૩ માં કરવામાં આવેલ હતું. સદર બ્રીજના બાંધકામને ૬૨ વર્ષ જેટલો સમય થવા પામેલ છે. જેથી કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય તે માટે બ્રીજ પર ભારે વાહનોની અવરજવર બંધ કરવી યોગ્ય જણાય છે. સદર બ્રીજનું ડીટેઈલ સ્ટ્રકચર ઈન્સ્પેકશન કરી બ્રીજની સ્ટ્રેન્થની ચકાસણી કરવાની થાય છે. જે ઈન્સ્પેક્શન રીપોર્ટ મળ્યા બાદ તેનું એનાલીસીસ કરી બ્રીજ ચાલુ રાખવો કે કેમ તેનો નિર્ણય લઈ શકાય. જેથી હાલ સાવચેતીના ભાગરૂપે સદર બ્રીજ ભારે વાહનો માટે બંધ કરી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ રાજપીપળા-સિસોદ્રા રોડ (રાજ્ય ધોરીમાર્ગ) ની સાંકળ ૪/૭૦૦ થી ૪/૮૦૦ વચ્ચે નાગુવા નદી પર માઈનોર બ્રીજ ભારે વાહનો માટે બંધ કરી, ભારે વાહનો નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- રાજપીપળાથી સિસોદ્રા જતાં ભારે વાહનોએ રાજપીપળા-પ્રતાપનગર-રાજુવાડીયા-નાવરા-કાંદરોજ-સિસોદ્રા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
- સિસોદ્રાથી રાજપીપળા જતાં ભારે વાહનોએ સિસોદ્રા-કાંદરોજ-નાવરા-રાજુવાડીયા-પ્રતાપનગર-રાજપીપળારસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સદરહુ રસ્તો ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા. ૧૧/૦૭/૨૦૨૫.

એસ. કે. મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.28 17:30:53 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara